सत्यमेव जयते
**ગુજરાત રાજ્ય**

# ૨૦૧૪-૧૫ ના વર્ષ માટેનો

# મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**નિરીક્ષક,**
**સ્થાનિક ભંડોળ હિસાબ,**
**બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦**

# પ્રસ્તાવના

રાજય સરકારશ્રીના તા.૦૪/૦૫/૨૦૧૧ ના રાજયપત્ર (અસાધારણ) માં પ્રસિધ્ધ થયેલા વર્ષ : ૨૦૧૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨૧ મુજબ માં જણાવ્યા મુજબ, ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ-૧૦૮(ક) માં દાખલ કરેલ પેટા કલમ (૧) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના હિસાબોનું ઓડીટ ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ હેઠળ કરવાની તથા પેટાકલમ (૨) થી મહાનગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખ પરની કામગીરી ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને સુપરત કરેલ છે. જે અન્વયે ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ હેઠળ ઓડિટ અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૨૩/૧૨/૨૦૧૧ના ઠરાવથી વર્ષ ૨૦૧૦-૧૧થી રાજયની તમામ મહાનગરપાલિકાઓના હિસાબોની તપાસણી ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ,ગુજરાત રાજય ગાંધીનગરને સુપરત કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીઓની કચેરી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ મારફત રાજયની ૮ (આઠ) પૈકી ૭ (સાત) મહાનગરપાલિકાઓનું સને. ૨૦૧૪-૧૫ ના વર્ષનુ ઓડિટ પૂર્ણ કરવામાં આવેલ છે. ઉક્ત ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વના અવલોકનો સમાવતો વિધાનસભામાં રજુ કરવાનો અહેવાલ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ મુજબ મહાનગરપાલિકાઓને સોંપાયેલી ફરજો અને કાર્યો જેવાં કે જાહેર બાંધકામ, શિક્ષણ સુવિધા, જાહેર આરોગ્ય, તથા સફાઈ, નગર/શહેરી વિકાસ, નગર આયોજન, ગરીબ તથા નબળા વર્ગો માટે આવાસ, પાણી પુરવઠા, જાહેર સલામતી, દીવાબતી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ બનાવવા તથા નિભાવવા, ચેપી રોગ નિયંત્રણ, બાગ બગીચા તથા જાહેર શિક્ષણ તથા મનોરંજન વગેરે બાબતોએ કરવામાં આવતી નાગરિક સુવિધાની તેમજ મળવાપાત્ર વેરાઓની ફી, દંડ, મિલ્કતોથી ભાડા વગેરેની ઉપજો-આવકો તેમજ રાજય સરકારશ્રી તરફથી મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ તેના સંબંધિત હેતુ મુજબ ઉપયોગ વગેરે સંબંધે ધ્યાને આવેલ ઓડિટ અવલોકનો આ અહેવાલમાં દર્શાવેલ છે.

સદરહું અહેવાલ તૈયાર કરતા પહેલાં જે તે ઓડિટ ફકરાઓની નકલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ના ઠરાવ ક્રમાંક: મનઅ-૮૦૨૦૧૫-૨૮૧૧-પી તા.૩૧/૦૭/૨૦૧૫માં જણાવ્યા મુજબ સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, (વહીવટી વિભાગ) ગાંધીનગરને મોકલી, સમય મર્યાદામાં પૂર્તતા કરવા જણાવવામાં આવેલ, તે સંદર્ભે મળેલ જવાબો/પૂર્તતા અને વિગતોને લક્ષમાં લઈ જે તે બાબતે પ્રવર્તતી છેવટેની સ્થિતિ દર્શાવવા કાળજી લઈને આ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

**કુ.સી.એન.ભટ્ટ**

**નિરીક્ષક**
**સ્થાનિક ભંડોળ હિસાબ**
**ગુજરાત રાજય ગાંધીનગર.**

**સ્થળ:ગાંધીનગર**
**તા:૨૫/03/૨૦૨૨**

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા** | | |
| ૪.૧ | વાઉચરો રજુ ન થવા અંગે. (ફકરા નં. ૧૫૫) | ૩૧ |
| ૪.૨ | રાજકોટ મહાનગરપાલિકા હસ્તક શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલા શાકમાર્કેટનાં ભાડાની નબળી વસુલાત બાબત. (ફકરા નં. ૮૨) | ૩૧ |
| ૪.3 | પાર્કીંગની જરૂરી જગ્યામાં કરેલા અન અધિકૃત બાંધકામ માટે જંત્રી ભાવ મુજબ ઈમ્પેકટ ફી નહી વસુલ કરવા બાબત. (ફકરા નં. ૧૩૪) | ૩૧ |
| ૪.૪ | એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જ (PAID-FSI)ની ઓછી વસુલાત તથા વસુલાત નહી કરવા બાબત (ફકરા નં. ૧૩૫) | ૩૨ |
| ૪.૫ | છપામણી ખર્ચમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. ૧૦૯) | ૩૨ |
| ૪.૬ | આંગણવાડી કેન્દ્ર માટે ભાડે રાખેલા મકાનનાં ભાડાની ચુકવણી બાબત (ફકરા નં. ૩૪) | ૩૨ |
| ૪.૭ | રાજકોટ મહાનગરપાલિકા બાંધકામ શાખા વેસ્ટ ઝોન દ્વારા હાથ ધરાયેલા જુદા-જુદા કામો અંગે જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૧૧૯) | ૩૨ |
| ૪.૮ | વોર્ડ નં-૧૩માં વેસ્ટ ઝોન ઓફીસ RMC વાળા રોડ ઉપર બીગ બજાર થી આંગન રેસ્ટોરન્ટ પાસેનાં વોટર વે સુધી સ્ટોર્મ લાઈન નાખવાનું કામ. (ફકરા નં. ૧૨૯) | ૩૪ |
| ૪.૯ | રાજીવ આવાસ યોજના અંતર્ગત વોર્ડ નં-૧૨માં સાધુ વાસવાણી રોડ પાસે નહેરાજનગર સ્લમ વિસ્તાર માટે ૨૫૨ યુનિટ આવાસો બનાવવાનાં કામ બાબત (ફકરા નં. ૧૪૧) | ૩૫ |
| ૪.૧૦ | સ્કાડા સીસ્ટમ આધારિત રીયલ ટાઇમ બલ્ક વોટર ઓડિટ સીસ્ટમ સપ્લાય ઇરેકશન-ટેસ્ટીંગ-કમીશનીંગ તથા પાંચ વર્ષ ઓપરેશન અને મેઈનટેનન્સનું કામ. (ફકરા નં ૯૭) | ૩૫ |
| ૪.૧૧ | ડીપોઝીટ રજીસ્ટરની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૯) | ૩૬ |
| ૪.૧૨ | રાજકોટ મહાનગરપાલિકાના જુદા-જુદા રોડ પર બેક્લીટ યુનિપોલ મારફત જાહેરાત કરવાના પરવાનાની ફાઈલોમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૭૮) | ૩૬ |

# પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત | પાન નં. |
|---|---|---|
| ૪.૧ | વાઉચરો રજૂ ન થવા અંગે. (ફકરા નં ૧૫૫) | ૩૧ |
| ૪.૨ | રાજકોટ મહાનગરપાલિકા હસ્તક શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલા શાકમાર્કેટનાં ભાડાની નબળી વસુલાત બાબત. (ફકરા નં ૮૨) | ૩૧ |
| ૪.૩ | પાર્કીંગની જરૂરી જગ્યામાં કરેલા અન અધિકૃત બાંધકામ માટે જંત્રી ભાવ મુજબ ઈમ્પેકટ ફી નહી વસુલ કરવા બાબત. (ફકરા નં ૧૩૪) | ૩૧ |
| ૪. ૪ | એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જ (PAID-FSI) ની ઓછી વસુલાત તથા વસુલાત નહી કરવા બાબત(ફકરા નં ૧૩૫) | ૩૨ |
| ૪.૫ | છપામણી ખર્ચમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં ૧૦૯) | ૩૨ |
| ૪. ૬ | આંગણવાડી કેન્દ્ર માટે ભાડે રાખેલા મકાનનાં ભાડાની ચુકવણી બાબત (ફકરા નં ૩૪) | ૩૨ |
| ૪. ૭ | રાજકોટ મહાનગરપાલિકા બાંધકામ શાખા વેસ્ટ ઝોન દ્વારા હાથ ધરાયેલા જુદા-જુદા કામો અંગે જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં ૧૧૯) | ૩૨ |
| ૪.૮ | વોર્ડ-૧૩માં વેસ્ટ ઝોન ઓફીસ RMC વાળા રોડ ઉપર બીગ બજાર થી આંગન રેસ્ટોરન્ટ પાસેનાં વોટર વે સુધી સ્ટોર્મ લાઈન નાખવાનું કામ. (ફકરા નં ૧૨૯) | ૩૪ |
| ૪.૯ | રાજીવ આવાસ યોજના અંતર્ગત વોર્ડ નં-૧૨માં સાધુ વાસવાણી રોડ પાસે નટરાજનગર સ્લમ વિસ્તાર માટે ૨૫૨ યુનિટ આવાસો બનાવવાનાં કામ બાબત (ફકરા નં ૧૪૧) | ૩૫ |
| ૪.૧૦ | સ્કાડા સીસ્ટમ આધારિત રીયલ ટાઇમ બલ્ક વોટર ઓડિટ સીસ્ટમ સપ્લાય ઇરેકશન-ટેસ્ટીંગ-કમીશનીંગ તથા પાંચ વર્ષ ઓપરેશન અને મેઇનટેનન્સનું કામ. (ફકરા નં ૯૭) | ૩૫ |
| ૪.૧૧ | ડીપોઝીટ રજીસ્ટરની અનિયમિતતા બાબત. (ફકરા નં ૯) | ૩૬ |
| ૪.૧૨ | રાજકોટ મહાનગરપાલિકાના જુદા-જુદા રોડ પર બેક્લીટ યુનિપોલ મારફત જાહેરાત કરવાના પરવાનાની ફાઈલોમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં ૭૮) | ૩૬ |

## ૪.૧ વાઉચરો રજૂ ન થવા અંગે. (ફકરા નંબર-૧૫૫)

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ અને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ની કલમ- ૧૦૫ થી ૧૦૮ની જોગવાઈ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજૂ કરવાની વૈધાનિક જવાબદારી છે

મહાનગરપાલિકા દ્વારા ઓડિટ માટે પસંદ કરાવેલ માસ ઓકટોબર-૧૪ અને માર્ચ-૨૦૧૫ના જુદી જુદી શાખાઓના નીચે જણાવ્યા મુજબના વાઉચરો ઓડિટ સમક્ષ રજૂ થયેલ નથી.

| ક્રમ | માસ | વાઉચરોની સંખ્યા | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ઓકટોબર-૧૪ | ૧૬૨૦ | ૫૩.૧૭ |
| ૨ | માર્ચ – ૧૫ | ૧૬૬૯ | ૪૩.૦૩ |
| કુલ | | ૩૨૮૯ | ૯૬.૨૦ |

વધુમાં રૂ.૧૦ લાખથી વધુ રકમનાં રૂ.૭૪.૨૫ કરોડનાં ૮૯૪ ખર્ચનાં વાઉચરો રજૂ થયેલ નથી. તેથી કરેલ ખર્ચની નિયમાનુસારની યથાર્થતા ચકાસી શકાયેલ નથી.

## ૪.૨ રાજકોટ મહાનગરપાલિકા હસ્તક શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલા શાક માર્કેટનાં ભાડાની નબળી વસુલાત બાબત. (ફકરા નં ૮૨)

**૨૦૧૪-૧૫નાં વર્ષ દરમ્યાન થયેલ દુકાન ભાડાની વસુલાતની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | શાક માર્કેટ | દુકાનની સંખ્યા | તા:૧/૪/૧૪ રોજનુ બાકી ભાડુ | ૨૦૧૪-૧૫ ના વર્ષનું માંગણું | કુલ મળવાપાત્ર ભાડુ | થયેલ વસુલાત (રૂ.) | થયેલ વસુલાત (%) | તા.૩૧/૩/૧૫ અંતિત બાકી ભાડુ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભોજા ભગત શાક માર્કેટ | ૧૧૬ | ૨૫૩૦૪૦૦ | ૨૭૮૪૦૦ | ૨૮૦૮૮૦૦ | ૭૭૬૦૦ | ૨.૭૬% | ૨૭૩૧૨૦૦ |
| ૨ | ગોવિંદબાગ માર્કેટ | ૪૬ | ૨૭૧૦૦૦ | ૯૩૬૦૦ | ૩૬૪૬૦૦ | ૧૬૧૮૦૦ | ૪૪.૩૮% | ૨૦૨૮૦૦ |
| 3 | જ્યુબેલી શાક માર્કેટ | ૨૧ | ૪૪૨૭૦૦ | ૫૫૨૦૦ | ૪૯૭૯૦૦ | ૨૬૩૦૦ | ૫.૨૮% | ૪૭૧૬૦૦ |

ઉકત વિગત અન્વયે નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) શાક માર્કેટની દુકાનોના લેવામાં આવતા ભાડાના દર શાક માર્કેટ શરૂ થયાથી સને ૨૦૧૪-૧૫ સુધી ફેરફાર કરેલ હોય તેમ જણાતું નથી

(૨) શાક માર્કેટના ભાડાની આવકના આધાર રૂપે પહોચ બુકો ઓડીટ દરમ્યાન રજૂ થયેલ નથી.

(૩) વર્ષ દરમ્યાન થયેલ દુકાન ભાડાની વસુલાત જોતાં આ વસુલાત ઉપરના પત્રકમાં જણાવ્યા મુજબ ખુબ નબળી થયેલ જણાય છે.

## ૪.3 પાર્કીંગની જરૂરી જગ્યામાં કરેલા અન અધિકૃત બાંધકામ માટે જંત્રી ભાવ મુજબ ઈમ્પેકટ ફી નહી વસુલ કરવા બાબત.(ટાઉન પ્લાનિંગ શાખા) (વેસ્ટ ઝોન) (ફકરા નં ૧૩૪)

ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ અને નિયમો-૨૦૧૨ ની સરળ સમજુતી મુદ્દા-૧ (એચ) મુજબ ખુટતા પાર્કીંગની જગ્યામાં થયેલ બાંધકામ માટે ફીનું ધોરણ તા.૨૮/૦૩/૨૦૧૧ ના રોજ અમલી જંત્રી મુજબ રહેણાંક માટે જંત્રી દરનાં ૧૦ % તથા રહેણાંક સિવાય ૨૦૦ ચો.મી. સુધી જંત્રી દરનાં ૨૫ % ફી લઈ અનધિકૃત બાંધકામ નિયમિત કરવાનું ઠરાવેલ છે.

ઇમ્પેક્ટ-૨૦૧૧ અન્વયે જંત્રી-૨૦૧૧ માં નીચેની વિગતે જંત્રીના ભાવ-ચાર વિભાગમાં ઠરાવેલ છે.

(૧) વિકસીત ખુલ્લી જમીનના ભાવ (૨) જમીન + બાંધકામ ભાવમાં (અ) રહેણાંક, (બ) ઓફીસ, (ક) દુકાન, (૩) ઓદ્યોગીક ખુલ્લી જમીનના ભાવ (૪) ખેતીની જમીનનાં ભાવ પ્રતિ ચો.મી. દર્શાવેલ છે.

ફકરામાં જણાવ્યા પ્રમાણેના નમુનારૂપ કિસ્સાઓમાં ૨૦૧૧ની કરેલ જોગવાઈ પ્રમાણેના જંત્રી દરને બદલે ૨૦૦૬-૦૭ ના જંત્રી દર મુજબ ખુટતા પાર્કીંગની જગ્યામાં અનઅધિકૃત બાંધકામની નિયમિત કરવા માટે ઓછી લીધેલ રૂા.૮૬,૮૫,૦૬૮/-ની ઈમ્પેક્ટ ફી ની વસુલાત કરવાની રહે.

**૪.૪ એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જ (PAID-FSI)ની ઓછી વસુલાત તથા વસુલાત નહી કરવા બાબત (ફકરા નં ૧૩૫)**

ગુજરાત સરકારશ્રીના તા.૨૯/૧/૨૦૧૩ અને તા.૧૫/૩/૨૦૧૩ના નોટીફીકેશન નં. જીએચ/વી/ ૨૦ ઓફ ૨૦૧૩/ડીવીપી/૧૩ ૨૦૧૨-૩૮૪૪ મુજબના મુદ્દા-૧ અને ૨ થી અધિક એફએસઆઇના ઉપયોગ માટે જે તે વિસ્તારમાં મળવા પાત્ર એફએસઆઇનું પ્રમાણ અને જંત્રી દરના ૪૦% મુજબ વધારાની એફએસઆઇ ૨૫%ની મર્યાદામાં મંજુર કરવાની જોગવાઈ કરેલ છે. પરતું ઓડીટ દરમ્યાન ધ્યાનમાં આવેલ નમુનારૂપ કિસ્સાઓમાં રૂા.૩૫,૨૬,૦૦૮/-લાખની એડીશનલ ચાર્જની ઓછી વસુલાત કરેલ છે.તેમજ રૂા.૯૨,૮૧,૫૩૫/-ની વસુલાત કરવામાં આવેલ નથી.

**૪.૫ છપામણી ખર્ચમાં જણાયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં ૧૦૯)**

સંસ્થાએ વર્ષ દરમ્યાન સામાજિક આંતર માળખાકીય સુવિધા, શહેરી કાર્યક્રમ પ્રવૃત્તિ અને વેરા આકારણીને લગતી કામગીરી અંર્તગત રૂા.૨૨,૪૫,૭૨૨/-નો છપામણી ખર્ચ કરેલ છે. આ કામગીરી જય એજન્સી મારફતે કરાવેલ છે. પરંતુ તેની સાથે કરેલ કરારની બાબતો અન્વેષણમા રજૂ થયેલ નથી. જેથી ખર્ચની યથાર્થતા જાણી શકાયેલ નથી.

**૪.૬ આંગણવાડી કેન્દ્ર માટે ભાડે રાખેલા મકાનનાં ભાડાની ચુકવણી બાબત (ફકરા નં ૩૪)**

ઓડીટ વર્ષ દરમ્યાન ૩૩૦ આંગણવાડી કેંન્દ્ર માટે ભાડાની ચુકવણી પેટે રૂા.૩૫,૨૧,૨૫૦/-નો ખર્ચ થયેલ છે પરતું આ ભાડાઓની ચુકવણી અંગે મકાન માલિક સાથે થયેલ કરારોની વિગતો જોવા મળેલ નથી. તેથી મકાન ભાડાની રકમ મકાન માલિકને જ ચુકવાયેલ છે તે બાબતની ખાત્રી કરાવેલ નથી.

**૪.૭ થી ૪.૧૦ મહાનગરપાલિકાઓ દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય વિકાસના કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત**

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક- ૧ ના ફકરા નં. ૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા. ૨૫/૦૧/૨૦૦૧ ના પત્ર નં. ટીએનસી-૧૦૨૦૦૧-યુઓ-૨૧૬-૪૫-સી મુજબ રૂા. ૨૦ લાખથી વધુ રકમના કામ અંગે જિલ્લા કક્ષાએ પ્રસિદ્ધ થતા એક ગુજરાતી તથા અમદાવાદ ખાતેથી પ્રસિદ્ધ થતા એક ગુજરાતી તથા એક અંગ્રેજી દૈનિક એમ કુલ ત્રણ વર્તમાનપત્રમાં ટેન્ડર નોટીસ પ્રસિદ્ધ કરી ભાવો મેળવવાના રહે છે

૨. સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગના પરિપત્ર નં. એસપીઓ ૧૦૨૦૦૮-૭૯૪-ચ તા.૧૮/૦૫/૨૦૧૧ મુજબ ઓનલાઇન ટેન્ડર પ્રસિદ્ધિ અંગેનો સમયગાળો ઓછમાં ઓછો દિવસ-૨૧ રાખવાનો રહે છે.

૩. માર્ગ મકાન વિભાગના પરિપત્ર નં. ટીએનસી-૨૨૮૬- યુઓ-૩૯૧૮/સ/ તા. ૩૦-૯-૯૧ તથા ઉદ્યોગ ખાણ વિભાગના ઠરાવ નં. એમસીઆર – ૧૦૯૦/૩૯૮૩/છ/ તા. ૯-૨-૯૪ મુજબ કોન્ટ્રાક્ટર દ્વારા વપરાશ કરેલ ખનીજ પર રોયલ્ટી ભરેલ હોવાનું સંબધિત કચેરીનું નો ડયુ સર્ટીફિકેટ મેળવી રજૂ કરવાનુ રહે છે.

૪. માર્ગ અને મકાન વિભાગના તા. ૨૮/૪/૨૦૦૩ના પરિપત્ર મુજબ રોયલ્ટી ભર્યાની ખાત્રી માટે ફાઇનલ બીલની કોપી ભુસ્તરશાસ્ત્રીશ્રીને મોકલવાની હોય છે અને જો ઇજારદાર આ રોયલ્ટી ભરવાપાત્ર ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગનુ "નો ડ્યુ સર્ટીફીકેટ" ઇજારદાર પાસેથી મેળવી વર્ક ફાઇલે રાખવાનુ રહે છે.

૫. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્રનં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાના રહે છે.

૬. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.આરજીએન-૬૦૨૦૦૬-૩૫-સ તા.૩૧/૫/૦૭ માં થયેલ જોગવાઇ મુજબ રૂા.૧ કરોડ કે તેથી વધુ રકમ ના કામ પર એજન્સી દ્વારા ફુલ ટાઇમ કવોલીફાઇડ

એન્જીનીયર નિયુકત કરવાના રહે છે. કામનો વર્કઓર્ડર મળ્યે દિવસ-૧૫ માં નિયુકત ઇજનેરના નામ, કવોલીફીકેશન, માર્કશીટ, સર્ટીફીકેટ, કલર ફોટોગ્રાફ, નિયુક્તિનો હુકમ વગેરે વિગતો રજૂ કરવાની રહે છે તથા કામ પર હાજર થયા અંગેનો રીપોર્ટ આપવાનો રહે છે. પરંતુ જો આવી કોઇ નિયુક્તિ થયેલ ન હોય અથવા કામગીરી સંભાળેલ ન હોય તો દર માસે રૂા.૧૫,૦૦૦/- એજન્સીના રનીંગ બિલમાંથી કપાત કરવાની જોગવાઇ થયેલ છે.

૭. આવકવેરા કલમ ૧૯૪(સી) મુજબ એજન્સીને ચુકવેલ તામમ બેલેથી ૨% આઇ.ટી. કપાત કરવાની રહે છે.

૮. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૨/સી, તા.૨૦/૧૧/૨૦૧૩થી બાંધમના કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂ.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાની રહે છે

૯. માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.પીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-૧૯ તા.૩૦/૯/૯૧ તથા તા.૨૮/૪/૦૬ ના પરિપત્ર મુજબ એજન્સી દ્વારા વપરાશ થયેલ રેતી-મેટલ-ખનીજ માલસામાન અંગે રોયલ્ટી ભર્યાના આધારો બિલ સાથે સામેલ રાખવાના રહે છે.

૧૦ ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧,૨૮૩ અન્વયે અંદાજીત રકમ કરતા દસ ટકા(૧૦%) ઉંચા કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી / તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. અને કામમાં થયેલ એક્સેસ ખર્ચ કે સેવિંગ માટે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની થાય છે.

## ૪.૭ રાજકોટ મહાનગરપાલિકા બાંધકામ શાખા વેસ્ટ ઝોન દ્વારા હાથ ધરાયેલા જુદા-જુદા કામો અંગે જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં ૧૧૯)

**(૧)**

| વોર્ડ-૧૨ માં જુદા જુદા વિસ્તારમાં ટી.પી. સ્કીમનાં ખુલ્લા પ્લોટને ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ | |
|---|---|
| અંદાજીત રકમ | ૧૦,૮૭,૦૦૦/- |
| ટેન્ડર રકમ | ૯,૪૫,૭૯૯/- (૧૨.૯૯ ટકા ઓછા) |
| કામનો કુલ ખર્ચ | ૪,૪૦,૧૩૦/- |
| ઓડિટ નોંધ: | એફડી ૨૪૦૦૦-૦૦ આઇ.ઓ.બી .તા .૦૫/૦૫/૨૦૧૪ (૧)એમબી નથી |

**(૨)**

| વોર્ડ-૧૧માં શ્યામ પાર્ક સોસાયટીના કોમન પ્લોટ(નાના મવા ટી.પી. ૨ એફ.પી. નં.૫૭૭) પબ્લિક હાઉસિંગ ફરતે વોલ બનાવવાનું કામ | |
|---|---|
| અંદાજીત રકમ | ૬,૬૧,૦૦૦/- |
| ટેન્ડર રકમ | ૫,૫૩,૮૫૨/- (૧૬.૨૧ ટકા ઓછા) |
| કામનો કુલ ખર્ચ | ૫,૨૫,૦૪૭/- |
| ઓડિટ નોંધ: | એફ.ડી. રૂા.૨૭,૭૦૦/- અલ્હાબાદ બેન્ક તા:૦૧/૧૨/૨૦૧૪<br>(૧) એમ.બી. નથી. (૨) ટેસ્ટ રીપોર્ટ |

**(3)**

| વોર્ડ નં ૧૩ માં એફ.પી.નં.-૪૮(એ) માં આવેલ એનિમલ હોસ્ટેલમાં કેટલ રોડ બનાવવાનું કામ. | |
|---|---|
| અંદાજીત રકમ | ૯,૪૨,૦૦૦/- |
| ટેન્ડર રકમ | ૮,૯૫,૩૭૧/- (૪.૯૫ ટકા ઓછા) |
| કામનો કુલ ખર્ચ | ૮,૬૬,૩૬૨/- |
| ઓડિટ નોંધ: | એફડી રૂ.૪૪૮૦૦/- આઇ.ઓ.બી. તા. ૨૬/૧૨/૨૦૧૪<br>(૧) રીપોર્ટ ટેસ્ટ (૨) એમ.બી. નથી |

(૪)

| વોર્ડ નં ૧૩ માં નાના મવા ચોકમાં આવેલ R.C.H. સેન્ટરમાં A.N.M. રૂમમાં પાર્ટિશન બનાવવાનું તથા અન્ય પરચુરણ કામ. | |
|---|---|
| અંદાજીત રકમ | ૭,૫૦,૦૦૦/- |
| ટેન્ડર રકમ | ૭,૨૦,૦૭૫/- (૩.૯૯ ટકા ઓછા) |
| કામનો કુલ ખર્ચ | ૬,૦૦,૬૫૫/- |
| ઓડિટ નોંધ: | એફ.ડી. રૂા.૩૭,૫૦૦/- રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી.<br>તા: ૧૯/૦૧/૨૦૧૫ (૧) એમ.બી. નથી. |

(૫)

| વોર્ડ નં ૧૧ જે.કે. ચોકથી એ.જી. સ્ટાફ ક્વાર્ટર સુધી તોરલપાર્કવાળા રોડ પર વરસાદી પાણીમાં નિકાલ માટે ૬૦૦ એમ.એમ.એમ.ની આર.સી.સી. પાઇપની ગટર લાઇનની કામગીરી | |
|---|---|
| અંદાજીત રકમ | ૨૦,૩૦,૦૦૦/- |
| ટેન્ડર રકમ | ૨૧,૨૭,૦૩૪/- (૪.૭૮ ટકા વધુ) |
| કામનો કુલ ખર્ચ | ૨૦,૮૯,૪૨૦/- |
| ઓડિટ નોંધ: | એફ.ડી. રૂા.૫૩,૨૦૦/- રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી.<br>તા: ૦૬/૦૧/૨૦૧૫ (૧) એમ.બી. નથી. (૨) કમ્પ્લીશન સર્ટી નથી. |

(૬)

| વોર્ડનં. ૧૨મા પામાસીટી રોડ પર આવેલ વિદ્યાનિકેતન સ્કુલ પાસે રસ્તાના સાઇડ સોલ્ડરમાં ઇન્ટર લોકીંગ પેવીંગ બ્લોક લગાડવા અંગે. | |
|---|---|
| અંદાજીત રકમ | ૫,૪૦,૦૦૦ |
| ટેન્ડર રકમ | ૪,૬૦,૬૨૦/- (૧૪.૭ ટકા ઓછા) |
| કામનો કુલ ખર્ચ | ૩,૮૬,૨૬૧/- |
| ઓડિટ નોંધ: | એફ.ડી. રૂા.૧૧,૫૧૬/- અલ્હાબાદ બેન્ક તા:૨૪/૦૭/૨૦૧૪<br>(૧) એમ.બી. નથી. |

**<u>ઓડીટ નોંધ:</u>**

- હરીફાઇ યુક્ત સ્પર્ધાત્મક ભાવો મેળવવા અંગે જાહેરાત આપ્યા અંગેના આધારો જોવા મળેલ નથી.
- ઉક્ત કામોની અસલ માપપોથી અન્વેષણમાં રજૂ થયેલ નથી જેથી ફાઇનલ બિલથી કરેલ ચુકવણા સાથે સામેલ કોન્ટ્રાક્ટર બિલ ફોર્મમાં જણાવેલ આઇટમ વાઇઝ-માપ જથ્થા-કિંમતની માપપોથીમાં નોંધાયેલ ખરેખર માપ-જથ્થા કિંમત સાથે ચકાસણી થઇ શકેલ નથી.
- સંસ્થા દ્વારા ઉક્ત કામ અંગે વપરાશ થયેલ માલ સામાનના નિયમોનુસાર લેબોરેટરી ટેસ્ટીંગ કરાવ્યા અંગેના આધારો ફાઇલે સામેલ નથી.
- એજન્સી દ્વારા થયેલ ગૌણ ખનીજ પદાર્થની ખરીદીના રોયલ્ટી ભાવનાં આધાર અંગે નો ડયુ સર્ટીફીકેટ રજૂ થયેલ નથી .

**૪.૮ વોર્ડ નં-૧૩માં વેસ્ટ ઝોન ઓફીસ RMC વાળા રોડ ઉપર બીગબજાર થી આંગન રેસ્ટોરન્ટ પાસેનાં વોટર વે સુધી સ્ટોર્મ લાઈન નાખવાનું કામ. (બાંધકામ શાખા) (ફકરા નં ૧૨૯)**

| | |
|---|---|
| અંદાજીત રકમ | ૧૩૨૭૦૦૦૦/- |
| ટેન્ડર રકમ | ૧૩૮૦૦૮૦૦/- (૪ ટકા વધુ ભાવે) |
| કામનો કુલ ખર્ચ | ૧૦૩૦૫૪૨૭/- |

**<u>ઓડિટ નોંધ:</u>**

- આ કામ અંગેની વર્કફાઇલ, ટેન્ડર, ડોકયુમેન્ટ, માપપોથી અન્વેષણમાં રજૂ થયેલ નથી જેથી ફાઇનલ બિલ સાથેનો જથ્થો તથા તેની કિંમત ટેન્ડરમાં મંજૂર થયા મુજબ જ ચૂકવણી થયેલ છે કે કેમ તેની ચકાસણી થઇ શકેલ નથી.
- કામ પુર્ણતાનું પ્રમાણપત્ર રજૂ થયેલ નથી.
- એજન્સી દ્વારા વપરાશ કરેલ મટીરીયલનાં લેબોરેટરી ટેસ્ટીંગ થયેલ નથી
- સદર કામમાં થયેલ ખર્ચ જોતાં અંદાજિત રકમનાં ૨૬.૪૭% ખર્ચ ઓછો થયેલ છે આમ ખામી ભર્યા અંદાજો તૈયાર કરેલ છે. તથા કામમાં થયેલ એકસેસ /સેવીગ સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી મંજુર કર્યાના આધારો નથી.

- ઈજારદારને ચુકવેલ રૂા.૧,૦૩,૦૫,૪૨૭/- માંથી નીચે મુજબની રકમ કપાત કરેલ છે. પરતું સરકારશ્રીમાં જમા કરાવ્યાના આધારો ઓડીટ અર્થે રજૂ કરવામાં આવેલ નથી.

| ક્રમ | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | આવકવેરા | ૨,૦૬,૧૦૮/- |
| ૨ | લેબર શેસ | ૧,૦૩,૦૫૪/- |
| ૩ | વેટ | ૬૧,૮૩૨/- |
| | કુલ | ૩,૭૦,૯૯૪/- |

**૪.૯ રાજીવ આવાસ યોજના અંતર્ગત વોર્ડ નં-૧૨માં સાધુ વાસવાણી રોડ પાસે નટરાજનગર સ્લમ વિસ્તાર માટે ૨૫૨ યુનિટ આવાસો બનાવવાનાં કામ બાબત (ફકરા નં ૧૪૧)**

| | |
|---|---|
| અંદાજીત રકમ | રૂા.૧૨,૯૧,૧૬,૦૦૦-/ |
| ટેન્ડર રકમ | રૂા. ૧૨,૬૨,૧૦,૮૯૦/- (૨.૨૫ % ઓછું) |
| કામનો કુલ ખર્ચ | રૂા. ૧૨,૯૦,૪૩,૨૮૫/- રૂા. ૨૮,૩૪,૪૭૧/- ( ૨.૨૫ % જેટલું વધું) |

ઉકત કામ અંગે નીચે જણાવેલ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

- સદર કામગીરીમાં ફક્ત એક જ સમાચાર પત્રમાં જાહેર નિવિદા પ્રસિદ્ધ કરી સંસ્થાએ સ્પર્ધાત્મક ભાવો મેળવવાનો લાભ ગુમાવેલ છે.
- ૫ % પર્ફોમન્સ બોન્ડ લીધાના આધાર રજૂ  કરેલ નથી.
- સદર કામગીરીમાં સંસ્થા દ્વારા કામની ગુણવત્તા નિરીક્ષણ માટે ટી.પી.આઇ. તરીકે રાઇટસ લી. -મુંબઈ ની નિમણુક કરવામાં આવેલ હતી. પરતું T.P.I દ્વારા સોંપવામાં આવેલ ગુણવત્તા નિરીક્ષણના અહેવાલની નકલ  ફાઇલે જોવા મળેલ નથી.
- સદર કામમાં વાપરવામાં આવેલ એક્સ્ટ્રા આઇટમ અને કામમાં થયેલ વધારો મંજૂર કર્યાના આધારો જોવા મળેલ નથી.
- સદર કામે ઈજારદાર પાસેથી નીચે મુજબની વસુલાત કરવાની રહે.

| ક્રમ | વિગત | વસુલાતપાત્ર રકમ  (રૂા) |
|---|---|---|
| ૧ | ક્વોલિફાઇડ ઇજનેરની નિમણુંક ન કરવા અંગે | ૨,૧૦,૦૦૦/- |
| ૨ | આવકવેરાની ઓછી કરેલ કપાત | ૬,૪૩,૪૯૭/- |
| | કુલ | ૮,૫૩,૪૯૭/- |

**૪.૧૦ સ્કાડા સીસ્ટમ આધારિત રીયલ ટાઇમ બલ્ક વોટર ઓડિટ સીસ્ટમ સપ્લાય ઇરેકશન-ટેસ્ટીંગ-કમીશનીંગ તથા પાંચ વર્ષ ઓપરેશન અને મેઈનટેનન્સનું કામ. (ફકરા નં ૯૭)**

| | |
|---|---|
| અંદાજીત રકમ | રૂા.૪,૯૩,૨૭,૫૦૦/- |
| ટેન્ડર રકમ | રૂા. ૩,૯૯,૫૯,૧૭૫/- (૧૮.૯૯ % ઓછું) |
| કામનો કુલ ખર્ચ | રૂા.૩,૪૬,૪૯,૧૫૩/- |

**<u>ઓડિટ નોંધ:</u>**

- મહાનગરપાલિકાની વોટર વર્ક્સ શાખા ધ્વારા પાણી વિતરણ વ્યવસ્થાને સચોટ બનાવવા તથા સ્ટોરેજ સમ્પ, ઓવરહેડ ટાંકી, પાણી વિતરણની પાઇપલાઇનો સમગ્ર ડેટા તથા પાણીની ગુણવત્તા અંગેનો ડેટા ઇન્ટીગ્રેટ થાય અને રીયલ ટાઇમ ડેટા ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી  રૂ.૩,૯૯,૫૯,૧૭૫/- (૧૮.૯૯% ઓછા) ભાવે મંજૂર થયેલ.
- એજન્સી દ્વારા નિયમાનુસાર રજૂ કરવાની થતી ૧૦% સીક્યોરીટી ડીપોઝીટ પેટે ફ્ક્ત ૫% સીક્યોરીટી ડીપોઝીટ રજૂ કરવામાં આવેલ છે. અને ૫% પર્ફોમન્સં બોન્ડ રજૂ  કરેલ નથી.
- ઇજારદાર દ્વારા જુન-૧૫માં ૪૯ નંગ ફલોમીટર, ૩૮ નંગ વોટર લેવલ સેન્સર, ૨૦ નંગ કલોરીન સેન્સર નું  ઈનસ્ટોલેશન સર્ટી સંસ્થાએ તા:૦૫/૦૨/૨૦૧૮નાં રોજ આપેલ છે. પરતું કામપુર્ણતા પ્રમાણપત્ર આપેલ નથી
- આ કામની થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એજન્સી રાઇટસ લીમીટેડ દ્વારા કરેલ કામગીરીનો ગુણવત્તા નિરીક્ષણ અહેવાલ  ફાઇલે જોવા મળેલ નથી.
- સંસ્થાએ ઈજારદારના બિલોમાંથી નીચે મુજબની કપાત કરેલ રકમો સરકારશ્રીમાં જમા કરાવવાના આધારો સામેલ કરેલ નથી.

| ક્રમ | વિગત | રકમ રૂા |
|---|---|---|
| ૧ | આવકવેરા | ૬,૯૨,૯૮૩/- |
| ૨ | વેટ | ૨,૦૭,૮૯૫/- |
| ૩ | લેબર સેસ | ૩,૪૬,૪૯૨/- |
| | કુલ | ૧૨,૪૭,૩૭૦/- |

સંસ્થા દ્વારા ખરીદેલ સાધનોની ડેડ સ્ટોક/મિલ્કત રજીસ્ટરે નોંધ કરેલ નથી..

- સાધનોની ઓપરેશન અને મેઈન્ટેનન્શની ૫ વર્ષની કામગીરી ૭/૨૦૧૫ થી આપવામાં આવેલ છે. પરંતુ આ કામગીરી અંગેની વિગતો રજૂ થયેલ નથી.

## ૪.૧૧ ડીપોઝીટ રજીસ્ટરની અનિયમિતતા બાબત. (ફકરા નં ૯)

ડિપોઝીટ રજીસ્ટરની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | રકમ ( રૂા.લાખમાં) |
|---|---|---|
| ૧ | તા.૧/૪/૨૦૧૪ ના રોજ અનામતની ખુલતી સિલક (બાકી) | ૧૭૪૯૦.૮૬ |
| ૨ | વર્ષ દરમ્યાન જમા થયેલ અનામત | ૭૦૧૩.૫૯ |
| ૩ | કુલ અનામત | ૨૪૫૦૪.૪૫ |
| ૪ | વર્ષ દરમ્યાન પરત કરેલ અનામત | ૫૨૯૯.૮૫ |
| ૫ | તા.૩૧/૩/૧૫ ના રોજ અનામતની બંધ સિલક | ૧૯૨૦૪.૬૦ |

મ્યુનિસિપલ એકાઉન્ટ કોડના નિયમ-૧૫૨ માં નિયત થયેલ નમુના નં.૧૦૯(જી) માં ડિપોઝીટ રજીસ્ટર નિભાવવાનું રહે છે. પરંતુ સંસ્થા દ્વારા આ ડિપોઝીટ રજીસ્ટરમાં વર્ષ દરમ્યાન જમા થયેલ. અનામત અને પરત કરેલ અનામતનાં હિસાબમેળમાં માસિક/વાર્ષિક તારીજ કાઢેલ નથી. તેમજ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી વણ-ચુકવાયેલ ડિપોઝીટની રકમ સ્વભંડોળમાં જમા લીધેલ નથી. રજીસ્ટરનાં નિયત કોલમમાં જમા વિગતો દર્શાવેલ નથી.

## ૪.૧૨ રાજકોટ મહાનગરપાલિકાના જુદા-જુદા રોડ પર બેક્લીટ યુનિપોલ મારફત જાહેરાત કરવાના પરવાના ની ફાઈલોમાં જણાયેલ અનિયમિતતા બાબત. (એસ્ટેટ સેન્ટ્રલ ઝોન) (ફકરા નં ૭૮)

મહાનગરપાલિકા દ્વારા આવક મેળવવાના હેતુસર એસ્ટેટ શાખા દ્વારા જુદા-જુદા રોડ પર બેકલીટ યુનિપોલ મારફત જાહેરાત પ્રસિદ્ધ કરવાના હકો આપવા ઇ-ટેન્ડરથી ભાવો મંગાવેલ હતા. જે અનુસધાને ફકત બે એજન્સીઓના ભાવો રજૂ થયેલ અને તે ભાવો ઓછા હોઈ અમાન્ય કરી તા.૧૩/૦૮/૨૦૧૫થી રી-ટેન્ડર કરેલ.

- જેથી કુલ ૧૦ પેકેજ માટે રી-ટેન્ડર કરતાં કુલ ૪ એજન્સીઓના આવેલ મહતમ ભાવે એજન્સીઓનું તા:૧૫/૦૯/૨૦૧૫ થી તા:૩૧/૦૩/૨૦૧૮ સુધીનો કોન્ટ્રાક્ટ માટે આપવાનું મંજુર કરેલ છે.
- ઉકત કામના ૪ ઈજારદારો પૈકી એક ઈજારદારો જોષી પબ્લિસિટીને ફાળવેલ ગ્રુપ-C ની સાઇટ પર નડતરરૂપ ડાળીઓ દુર ન થવાથી તથા ગ્રુપ-Eની સાઇટ પર રહીશો દ્વારા વાંધો ઉઠાવવાથી બોર્ડ ઉભુ કરેલ ન હતુ. જેથી એજન્સી દ્વારા ગ્રુપ-C ની લાઇસન્સ ફી રૂ..૩,૭૫,૦૦૫/- તથા ગ્રુપ-E ની લાઇસન્સ ફી રૂા.૪,૫૦,૦૦૮/- ભરવામાંથી મુક્તિ માંગેલ જે પેકી ગ્રુપ-E ની લાઇસન્સ ફી રૂ. ૪,૫૦,૦૦૮/- ભરવામાંથી કમિશ્નરશ્રી દ્વારા મુક્તિ આપવામાં આવેલ

  પરતું ગ્રુપ-Cની લાઇસન્સ ફીમાંથી મુકતિ ન મળેલ હોવાથી રૂ.૩,૭૫,૦૦૫/-ની વસુલાત કરવાની રહે તથા પ્રથમ હપ્તા પેટે રૂા.૪૩,૩૧૪/-ની વસુલાત કરવાની થાય.

  આમ, ઉકત ગ્રુપ – E ની એક સાઇટ માટે લોકેશન ચેન્જનો નિર્ણય ન લેવાથી તથા અન્ય ગ્રુપ- I ની સાઇટો રેલ્વેની હદમાં આવતી હોવાથી બોર્ડ ઉભા ન થઈ શક્તા રૂ. ૨૩,૯૯,૯૯૯/-ની લાઇસન્સ ફી ની વસુલાતનું સંસ્થાને નુકશાન થયેલ જણાય છે.
- ઉકત કામ અંગે સંસ્થા એ દરેક એજન્સીને લાઇસન્સ ફીનાં ૦.૫% મુજબ સ્ટેમ્પ પેપર પર કરવાના કરારની વિગતો ફાઈલે સામેલ જણાતી નથી.
- લાઇસન્સ ફી પેટે એજન્સીઓએ ત્રણ માસના એડવાન્સ ચેક ત્રણે વર્ષ માટે આપવાના રહેતા હતા. પરંતુ એજન્સીઓ દ્વારા લાયસન્સ ફી ખરેખર મોડી ભરેલ છે, જેથી ટેન્ડર શરત મુજબ ભરવાની બાકી એડવાન્સ લાયસન્સ ફી ની રકમ પર ૧૮% લેખે સાદુ વ્યાજ રૂ. ૩,૬૨,૮૨૫/-વસુલ કરવાનું રહે.

- પેકેજ –C ની કામગીરીનો સમયગાળો તા:૩૧/૦૩/૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલ હતો જે ત્રણ માસ વધારવામાં આવેલ તે સમયગાળાની રૂ.૪,૧૮,૩૨૪/-ની જોષી પબ્લીસ્ટી પાસેથી લાઇસન્સ ફી વસુલ કરવાની રહે.

મહાનગરપાલિકા રાજકોટના ફકરાઓ પરત્વે મહાનગરપાલિકા તરફથી ફકરાઓના જવાબો મળેલ છે. જે ધ્યાને લઈ ફકરાઓનું ઘડતર કરેલ છે.